

૧૦૮ - अशेषभक्तसम्प्रार्थ्य चरणाब्जरजोधनः

શ્રીઆચાર્યજી એવા છે જેમના ચરણકમલની રજનેજ પોતાનું ધન સમજી અશેષ સમસ્ત ભકતો સંપ્રાર્થના કરે છે.

અર્થ - ચરિત્ર - સંગતિ :

આ લોક પરલોકના તમામ પુરૂર્ષાથોની પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય શ્રીઆચાર્યજીના ચરણ કમલની રજમાં છે, તેમ સમજી સમસ્ત ભકતો આ રજની પ્રાપ્તિ માટે નિરંતર પ્રાર્થના કરે છે. મહાજ્ઞાની ભકત ઉધ્ધવજી "वन्देनन्द्रव्रजस्त्रीणां पादरेणुभभीक्ष्णशः" પોતાનો અધિકાર ગોપીજનોને નમસ્કાર કરવાનો નથી તેમ સમજી નંદવ્રજની સ્ત્રીમાત્રની ચરણરજને નમન કરે છે, જ્યારે શ્રીઆચાર્યજીના સેવકોને શ્રિયો હિ પરમાકાષ્ટા સેવકા સ્તાદ્રશા યદિ આપશ્રીના શ્રી ધર્મે આપશ્રીનું સ્વરૂપ જ્ઞાન તેમજ અનન્ય પ્રપત્તિના સામર્થ્યે અધિકાર હોવાથી સંપૂર્ણ રજની પ્રાર્થના કરે છે.આહ ચરણને અને ચરણની પરાગ કહેવામાં આવ્યું છે. કમલ અનુરાગરૂપ પરાગથી પૂરિત બને છે. સમસ્ત ભકતો પણ તેવાજ અનુરાગ યુકત ધનની પ્રાસી માટે પ્રાર્થનાકરે છે.શ્રીગુસાંઈજી સર્વોત્તમના સંપૂર્ણ નામોનો ઉપયોગ આ રજની ફલ પ્રાપ્તિ માટે હોવાનો નિર્દેશ કરે છે. ભકિત પ્રાપ્તિ માટેના અંતરાયો પણ આ રજથીજ દુર થાય છે. પુષ્ટિમાર્ગની સ્થિતિ છે ત્યાં સુધી શ્રીઆચાર્યજી નિત્ય ભુતલ ઉપર બિરાજમાન છે. અને તેથી અશેષ ભકતો હોવાનો હેતૂ, તે સમયના ભકતો અને તે પછીના પણ ભકતો એટલે સમસ્ત ભકતો જ્યાં સુધી પુષ્ટિમાર્ગની સ્થિતિ છે ત્યાં સુધીના ભકતો આપશ્રીના ચરણરજ પ્રાપ્તિની કામના કરતા રહે છે.શ્રીઆચાર્યજી ભકતો માટે સદાય ભૂતળ ઉપર વિદ્યમાન છે, અને ભકતો આપના ચરણ કમલની રજનેજ પોતાનું ધન સમજી સદૈવ પ્રાર્થના કરે છે.

આ નામ "વૈરાગ્ય-ધર્મ" સૂચક છે.

ચિત્ર - પરિચય :

શ્રીઆચાર્યજી બીરાજે છે અને અશેષ ભકતો આપશ્રીના ચરણ રજપ્રાપ્તિ માટે તત્પર થઈ રહ્યા છે.આ પ્રકારે પ્રભુચરણશ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીઆચાર્યજીના ૧૦૮ નામ સર્વોત્તમ શાસ્ત્રીય રૂપમાં, સર્વોત્તમ ભાવરૂપમાં, સર્વોત્તમ ચરિત્રરૂપમાં અને સર્વોત્તમ સ્વરૂપમાં એક સાથે નિરૂપણ કર્યા છે.